सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૭/૦૭/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | ૨૭/૦૭/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ | | |
| સમય | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૦ | ૨૯ |

**જુનાગઢના ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, જુનાગઢ કેમ્પ એટ માંગરોળ.**

**ફોજદારી કેસ નં.૭૦૫/૨૦૨૩**

**આંક–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** દિવ્યાબેન ડો./ઓ. કાનાભાઈ ભદ્રેચા,
રહે.માંગરોળ બંદર, એગ્રો પાછળ,
તા.માંગરોળ, જી.જુનાગઢ.

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહી.એ.ક.–૬૫ (ઈ) મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળી.
આરોપી તરફે વિ.વ. શ્રી એન.એમ.શેખ.

# ચૂ કા દો

૧. આ કામના ફરિયાદી કિરીટીસિંહ ધીરૂભાઈ કામળીયા, પો.કો., માંગરોળ મરીન પો.સ્ટે.નાઓએ એવી ફરિયાદ નોંધાવેલ કે, ગઈ તા.૦૩/૦૪/૨૦૨૩ ના કલાક ૨૦/૧૫ વાગ્યે માંગરોળ બંદર, એગ્રો પાછળ રહેતા આરોપી બહેને પોતાના કબ્જા–ભોગવટાના રહેણાંક મકાનનાં ભાગે ખૂણામાં દેશી પીવાનો દારૂ ભરેલ પ્લાસ્ટિકના પાંચ લીટરના બુંગીયા નંગ–૦૫ જેમા દેશી પીવાનો દારૂ આશરે ૨૫ લીટર કુલ કિંમત રૂ.૫૦૦/– નો ગેરકાયદેસર પ્રોહી. મુદ્દામાલ રાખી રેડ દરમિયાન હાજર નહી મળી આવી પાછળથી પકડાઈ જઈ આરોપીએ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબનો ગુનો કર્યો હોય ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા માંગોરળ મરીન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૦૫૨૩૦૦૮૬/૨૦૨૩ થી આરોપી વિરૂઘ્ધ ઉપરોકત ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ હતી. જે તપાસના અંતે અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂઘ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હાનું તહોમતનામું આંક–૩ થી ફરમાવવામાં આવતા આંક–૪ ની પ્લીમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

૩. સદરહું કેસના સમર્થન માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u>** :–

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ રાજેશભાઈ ભોજાભાઈ લુખ્ખાની જુબાની | ૧૩ |
| ૨. | પંચનામું | ૧૪ |
| ૩. | પંચ સાહેદ તુલસીભાઈ મુળજીભાઈ પરમારની જુબાની | ૧૮ |
| ૪. | ફરીયાદી કીરીટસીંહ ધીરુભાઈ કામળીયાની જુબાની | ૨૧ |
| ૫. | ફરીયાદ | ૨૨ |
| ૬. | સાહેદ ત.ક.અ બળવંતસીંહ નાથાભાઈ પરમારની જુબાની | ૨૩ |
| ૭. | એફ.એસ.એલ.ની પહોંચ | ૨૪ |

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા તૈયાર પંચનામામાં પંચોની સહી કરેલાનુ તેમજ પુરાવા ન હોવા છતા ખોટી ફરિયાદ આપેલાનુ તથા પુરતા પુરાવા ન હોવા છતાં ખોટા પંચનામાં અને ખોટા નિવેદનોના આધારે ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે અને વિશેષમા જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે. પોલીસે કામગીરી દેખાડવા ખોટી ફરિયાદ કરી, પૂરતા પુરાવા ન હોવા છત ખોટુ ચાર્જશીટ કરેલ છે.

૫. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકતે સદરહું કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૩/૦૪/૨૦૨૩ ના કલાક ૨૦/૧૫ વાગ્યે માંગરોળ બંદર, એગ્રો પાછળ રહેતા આરોપી બહેને પોતાના કબ્જા–ભોગવટાના રહેણાંક મકાનનાં ભાગે ખૂણામાં દેશી પીવાનો દારૂ ભરેલ પ્લાસ્ટિકના પાંચ લીટરના બુંગીયા નંગ–૦૫ જેમા દેશી પીવાનો દારૂ આશરે ૨૫ લીટર કુલ કિંમત રૂા.૫૦૦/– નો ગેરકાયદેસર પ્રોહી. મુદ્દામાલ રાખી રેડ દરમિયાન હાજર નહી મળી આવી પાછળથી પકડાઈ જઈ આરોપીએ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ અને ૨</u>** :–

મુદ્દા નં. ૧ અને ૨ સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧ આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરિયાદ પક્ષ તરફથી સૌપ્રથમ આંક–૧૩ થી પંચ સાહેદ રાજેશભાઈ ભોજાભાઈ લુખ્ખા તથા આંક–૧૮ થી પંચ સાહેદ તુલસીભાઈ મુળજીભાઈ પરમાર તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૪ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. બચાવપક્ષની ઉલટતપાસમા સદરહુ પંચ સાહેદોએ સ્વીકારેલ છે કે પંચનામા માં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી.

૮.૨ ફરિયાદપક્ષે આંક–૨૧ થી ફરિયાદી કીરીટસીંહ ધીરુભાઈ કામળીયા તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ માંગરોળ મરીન પો.સ્ટે.મા પો.કો. તરીકે તેમની ફરજ પર હતા ત્યારે તેમના સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હોય દરમ્યાન માંગરોળ બંદર એગ્રો વિસ્તારમા આવતા બાતમી રાહે હકીકત મળેલ કે અહી રહેતા દીવ્યાબેન કાનાભાઈ ભાદરેચા પોતાના કબજા ભોગવટાના મકાન પાસે દેશી દારુ ગાળવાની પ્રવૃતી કરતા હોય અને હાલ આ પ્રવૃતિ ચાલુ હોય જેથી તરત બે રાહદારી પંચ બોલાવી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહી અને આ જગ્યાની માલીકીની ખરાઈ કરતા આ જગ્યા પર જડતી કરતા પાંચ લી.ના બુગીયા નંગ–૫ પડેલ હોય અને તેમા દેશી પીવાના દારુ લી.૨૫ જેની કી.રુ.૫૦૦/– હોય તેમાથી થોડો દારુ એક કાચની બોટલમા કેમીકલ સેમ્પલ અર્થે કબજે કરી આ અંગે તેઓએ સરકાર તરફે પ્રોહી કલમ.૬૫ ઈ મુજબ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવવામા આવતા જેમા તેમની સહી ઓળખી બતાવી ફરીયાદ આ કામે આંક–૨૨ થી રજુ રાખેલ છે.

ફરીયાદી બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસમા સ્વીકારે છે કે જયારે પ્રોહીની ડ્રાઈવ ચાલતી હોય ત્યારે પ્રોહી અંગેના વધુમા વધુ કેસો કરવાના હોય છે. રેઈડ દરમિયાન પ્રથમ પંચનામુ કરી ત્યારબાદ ફરીયાદ દાખલ કરવાની હોય છે. તેમની ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. માલિકી અંગેનો કોઈ આધાર પુરાવો તેમણે આ કામે કબજે કરેલ નથી. સ્થળ પર કોઈ આરોપી મળી આવેલ નથી.

૮.૩ ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ ત.ક.અ. બળવંતસીંહ નાથાભાઈ પરમાર તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે, તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ માંગરોળ મરીન પો.સ્ટે.મા પો.કો. તરીકે ફરજ પર હતા ત્યારે તેમના સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હોય દરમ્યાન માંગરોળ બંદર એગ્રો વિસ્તારમા આવતા બાતમી રાહે હકીકત મળેલ કે, અહી રહેતા દીવ્યાબેન કાનાભાઈ ભાદરેચા પોતાના કબજા ભોગવટાના મકાન પાસે દેશી દારુ ગાળવાની પ્રવૃતી કરતા હોય અને હાલ આ પ્રવૃતિ ચાલુ હોય જેથી તરત બે રાહદારી પંચ બોલાવી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહી અને આ જગ્યાની માલીકીની ખરાઈ કરતા આ જગ્યા પર જડતી કરતા પાંચ લી.ના બુગીયા નંગ–૫ પડેલ હોય અને તેમા દેશી પીવાના દારુ લી.૨૫ જેની કી.રુ.૫૦૦/– હોય તેમાથી થોડો દારુ એક કાચની બોટલમા કેમીકલ સેમ્પલ અર્થે કબજે કરી આ અંગે તેમની સાથેના પો.કો. કીરીટસીંહે સરકાર તરફે પ્રોહી કલમ.૬૫ ઈ મુજબ તેમના રુબરુ ફરીયાદ આપેલી. આ ગુનાની તપાસ તેઅને મળતા તેઓએ તપાસ સંભાળી મુદામાલ એફ.એસ.એલ.મા મોકલવાની તજવીજ કરેલ તેમને એફ.એસ.એલ.ની પહોંચ બતાવતાં જે ઓળખી બતાવી આ કામે આંક–૨૪ થી રજુ કરેલ છે.

સદરહુ સાહેદ ત.ક.અ. બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસ મા સ્વીકારે છે કે, જયારે પ્રોહીની ડાઈવ ચાલતી હોય ત્યારે વધુમા વધુ કેસો પ્રોહીના કરવાના હોય છે. રેઈડ દરમ્યાન પ્રથમ પચનામુ કરી ત્યારબાદ

ફરીયાદ દાખલ કરવાની હોય છે. તેમની ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. માલીકી અંગેનો આધાર પુરાવો તેમણે આ કામે કબજે કરેલ નથી. સ્થળ પર કોઈ આરોપી મળી આવેલ નથી.

૯. આ કામે રજુ થયેલ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતા આ કામના ફરિયાદી તથા ત.ક.અ. કે જે પોલીસ વિભાગના અધિકારી/કર્મચારીઓ છે અને તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ થી ૨૭ ની જોગવાઈઓ ધ્યાન લેતાં તે મુજબની આરોપી અગર અન્ય સાહેદોની કબુલાત સ્વરૂપની હકીકત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદ પક્ષના સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે. આ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનું પ્રથમ દર્શનીય છે. આ કામના સાહેદો પોલીસ વિભાગના સાહેદો હોય અને તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. આમ આરોપીનું કોન્શીયશ પઝેશન પુરવાર થતુ નથી. હાલનો મુદ્દામાલ પ્રોહિ. નો જથ્થો મળી આવેલ હોવાની હકીકત શંકાથી પર રહી પુરવાર થતી નથી તેથી હાલના આરોપીના જ પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પ્રોહિ.નો જથ્થો મળી આવેલ હોવાની હકિકત શંકાથી પર રહી સ્પષ્ટપણે પુરવાર થતી નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાઓ અનુસાર આરોપીનો અનન્ય અને સભાનપણાનો કબજો Exclusive & Conscious Possession પુરવાર થતુ નથી. વળી આ

કામે કથીત મુદ્દામાલ દેશી દારૂ જ હતો તે બાબતનુ એફ.એસ.એલ. નું સર્ટીફીકેટ રજુ થયેલ નથી. જેથી દેશી દારુના કીસ્સામાં કથીત મુદ્દામાલ દેશી દારૂ જ હતો તેમ જણાય આવતુ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ દેશી દારૂ આરોપીના અનન્ય અને સભાનપણાના કબજામાંથી મળી આવેલ હોવાનું સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના નિ:શંકપણે પુરવાર થતુ નથી. આથી ઉપરોકત ચર્ચા અનુસાર આરોપી શંકાનો લાભ લેવા હકકદાર જણાય છે.

૧૦. વધુમાં આ કામે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જી.એચ.જે. ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં.૧** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં ઠરાવેલ છે કે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નિર્દોષ ઠરાવીને છોડી મુકતાં ચુકાદાને યર્થાથ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરિયાદ પક્ષ તે નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીના સભાનપણાનાં કબજા Exclusive & Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે. આમ, આ કામના આરોપી ગેરકાયદેસર રીતે દેશી દારુના બુંગીયા પોતાના કબજામાં રાખી રેઈડ દરમ્યાન હાજર નહીં મળી આવી પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલ હોય તેવી હકીકતને કોઈ બીજા સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી અને શંકા ઉભી થાય છે. આમ, હાલના આરોપી ફરીયાદ પક્ષના કથનો મુજબ ગેરકાયદેસર રીતે દેશી દારુના બુંગીયા

પોતાના કબજામાં રાખી રેઈડ દરમ્યાન હાજર નહીં મળી આવી પાછળથી પકડાઈ ગયેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકાપણે સાબિત થયાનું કહી શકાય તેમ નથી જેથી આ સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

૧. આ કામના આરોપી દિવ્યાબેન ડો./ઓ. કાનાભાઈ ભદ્દેચા, રહે.માંગરોળ બંદર, એગ્રો પાછળ, તા.માંગરોળ, જી.જુનાગઢનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૨૫/૦૬/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જુનાગઢ, કેમ્પ એટ માંગરોળ.
**(GJ-01286)**